**રે.દી.મુ.નં.૧૪/૨૦૨૧ ના કામે આંક–૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ ::–**

---

૧. વાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. અરજીની હકીકત તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આંક–૨૦ થી પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ તરફેનો લેખીત જવાબ તથા પ્રતિવાદી નં.૨ અને ૩ તરફેનો લેખીત જવાબ વંચાણે લીધો. વાદી તરફે આંક–૫૧ થી અને પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ તરફે આંક–૫૭ ની લેખીત દલીલો તથા પ્રતિવાદી નં.૨–૩–૪ તરફે આંક–૫૮ ની લેખીત દલીલો વંચાણે લીધી. વધુમા પ્રતિવાદી નં–૨ અને ૩ ની કાઉન્ટર કલેઈમની અરજી વંચાણે લીધી.

૨.૧ વાદીના પિતાની વડીલોપાર્જીત ખેતીની જમીન મોજે દહેગામ તા.દહેગામ સીમના જુના સર્વે નં.૨૦૭ જેનો નવો સર્વે નંબર ૧૩૩૦ ક્ષેત્રફળ ૦–૭૬–૮૯ આકાર રૂા.૪–૧૨ તથા જુના સર્વે નં.૨૧૮ જેનો નવો સર્વે નં. ૧૩૪૧ ક્ષેત્રફળ ૦–૯૫–૧૦ આકાર રૂા.૪.૫૦ તથા સર્વે નં.૧૫૪ જેનો નવો સર્વે નં.૧૨૭૬ ક્ષેત્રફળ ૦–૮૯–૦૩ આકાર રૂા.૪.૦૯ વાળી જમીનો ધરાવતા હતા તેમજ જુના સર્વે નં.૧૬૮ વાળી જમીન હેકટર ૦–૭૬–૮૯ તથા ૨૦૮ હેકટર ૦–૮૬–૦૦ વાળી જમીન તેમની સંયુકત કુટુંબની મીલકતમાંથી ખરીદવામાં આવેલ હતી. એટલે સર્વે નં.૨૦૭,૨૧૮,૧૫૪ વાળી જમીનો વડીલોપાર્જીત હતી અને સર્વે નં.૧૬૮ તથા ૨૦૮ વાળી જમીન સંયુકત કુટુંબની આવકમાંથી તેમના મોટા ભાઈ પ્રદિપભાઈ રામાભાઈના નામે ખરીદવામાં આવેલ હતી. આમ ઉપરની મીલકતો તેમની વડીલોપાર્જીત સંયુકત માલીકીની વણ વહેંચાયેલી આવેલી છે. જે જમીનોમાં વાદીઓ અને

પ્રતિવાદીઓના સંયુકત રીતે ખેતી કરે છે. તેમની વડીલોપાર્જીત મીલકતના ઉતારા લેવા જતા તેમના ધ્યાનમાં આવેલ કે તેમની વડીલોપાર્જીત મીલકતની એક ખોટી અને ગેરકાયદેસરની વહેંચણી પ્રતિવાદી નં.૧ નાએ તેઓના એકલાના નામે કરી દીધેલ છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો પ્રમાણે વહેંચણી હંમેશા બે કરતા વધુ વ્યકિતઓની વચ્ચે થાય તેમજ આવો વહેંચણીનો લેખ સક્ષમ અધિકારી રુબરુ થયેલ હોવો જોઈએ તેમજ આવા વહેંચણી લેખમાં બધા જ સહ હીસ્સેદારોની સહી અને સંમતીઓ હોવી જોઈએ અને વહેંચણી સમાન ભાગ મુજબ થવી જોઈએ. આ કામે તપાસ કરતા કોઈ વહેંચણીનો લેખ થયેલ નથી કે સહ માલીકોની કોઈ સંમતીઓ કે સહીઓ પણ થયેલ નથી. આમ ખોટી રીતે રેવન્યું રેકર્ડ બનાવી પ્રતિવાદી નં.૧ નાએ તેમની સંયુકત માલીકીની વડીલોપાર્જીત વણવહેંચાયેલી સંયુકત આવકમાંથી ખરીદેલી જમીનો તેઓના એકલાના નામે રેવન્યું રેકર્ડે દાખલ કરાવી દીધેલ છે. સદર જમીનમાં વાદીનો ૧/૪ હીસ્સો છે અને પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ અને પ્રતિવાદી નં.ર અને ૩ દરેકનો ૧/૪ હીસ્સો આવેલ છે. આ હકીકતની જાણ તેઓને આજથી થોડા દિવસ પહેલા એટલે કે તા.ર૫/૦૧/ર૦ર૧ ના રોજ થતા પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાએ સદર જમીન બધા વારસોના નામે સરખે હીસ્સે દાખલ કરવાનું કહેવા જતા તેઓ તેમની ઉપર એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને આ જમીન તેઓ વેચાણ કરી દે શે તમારી થાય તે કરી લો તેવી ધમકીઓ આપતા સદર જમીનમાં તેમનો વડીલોપાર્જીત વારસાઈ હકક રહેલો છે તેવું ઠરાવી લેવા અને તેમના હીસ્સા મુજબ ૧/૪ ભાગની જમીન તેમના કબજા ભોગવટામાં માલીકી હકકે સોંપે તેવી દાદો મેળવવા તેમજ બીજી દાદો મેળવવા સારું હાલનો આ દાવો દાખલ

કરવાની જરુર પડેલ છે તેમજ ખોટી રીતે પ્રતિવાદી નં.૧ નાએ દાવાવાળી જમીન તેઓના એકલાના નામે વહેંચણીથી દાખલ કરાવી દીધેલ છે તેવુ ઠરાવવા સારું આ દાવો દાખલ કરેલ છે અને દાવાનો આખરી નીકાલ ન આવે ત્યાં સુધીના સમય દરમ્યાન વાદીને કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે અને દાદ માંગેલ છે કે, મોજે દહેગામ તા.દહેગામ સીમના જુના સર્વે નં.૨૦૭ જેનો નવો સર્વે નંબર ૧૩૩૦ ક્ષેત્રફળ ૦–૭૬–૮૯ આકાર રૂા.૪–૧૨ તથા જુના સર્વે નં.૨૧૮ જેનો નવો સર્વે નં. ૧૩૪૧ ક્ષેત્રફળ ૦–૯૫–૧૦ આકાર રૂા.૪.૫૦ તથા સર્વે નં.૧૫૪ જેનો નવો સર્વે નં.૧૨૭૬ ક્ષેત્રફળ ૦–૮૯–૦૩ આકાર રૂા.૪.૦૯ વાળી જમીનો આ કામના પ્રતિવાદી વેચાણ, ગીરો,બક્ષીસ કરે–કરાવે નહીં કે અન્ય રીતે ટ્રાન્સફર કરે–કરાવે નહીં અને યથાવત પરિસ્થિતી જાળવી રાખે તેવો આ દાવાના આખરી નિકાલ સુધી કામ ચલાઉ મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

૩.૧ પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ/નોટીસ બજતાં પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી મારફત હાજર થયેલ છે. પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ તરફે આંક–૨૦ થી વાદીની દાવા તથા મનાઈ અરજીનો જવાબ રજૂ કરેલ છે. જે જવાબમાં તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવા તથા મનાઈ અરજી સાચી અને ખરી નથી તેમ જણાવી દાવા તથા મનાઈ અરજીનો પેરા વાઈઝ ઈન્કાર કરેલ છે અને સાચી હકીકત એવી જણાવેલ છે કે, મોજે દહેગામની સીમમાં આવેલ સર્વે/બ્લોક નં.૧૨૭૬ જેનો જુનો નં.૧૫૪ હે.આ.ચો.મી.૦–૮૯–૦૩ ના માપની એકમાત્ર ખેતીની જમીન મૈયત બારોટ ઈશ્વરભાઈ નરસિંહભાઈના નામે અને ખાતે ચાલતી આવેલી. જે ફેરફાર નોંધ

નં.૪૩૩૬ ના કામે તા.૦૭/૦૧/૧૯૮૦ ના વહેંચણી લેખ આધારે રામાભાઈ ઈશ્વરભાઈના ભાગમાં આપવામાં આવેલ અને જે નોંધ રેવન્યું સક્ષમ ઓથોરીટીએ મંજૂર કરેલી નોંધ છે અને આ જમીન તા.૦૭/૦૯/૧૯૮૪ ના રોજ વહેંચણીથી મૈયત પ્રદિપકુમાર રામાભાઈના ભાગમાં આપવામાં આવેલી તે અંગેની વહેંચણીની ફેરફાર નોંધ નં.૫૩૩૯ ની રેવન્યું રેકર્ડ ઉપર કરવામાં આવેલ છે. જે નોંધ સક્ષમ અધિકારી ધ્વારા મંજૂર કરવામાં આવેલી છે. આમ રેવન્યું રેકર્ડ ઉપર કાયદેસરના ફેરફારોના અંતે આ ખેતીની જમીનના મૈયત પ્રદિપકુમાર રામાભાઈ બારોટ કાયદેસરના માલીક અને કબજેદાર થયેલા છે અને તેઓએ તેમની હયાતી દરમ્યાન તેમના વારસોના નામ રેવન્યું રેકર્ડ ઉપર તા.૦૨/૦૧/૨૦૧૮ ના રોજની ફેરફાર નોંધ નં.૧૪૧૧૫ થી વારસોને માલીક અને કબજેદાર બનાવેલા છે. જે નોંધ રેવન્યું સક્ષમ અધિકારી ધ્વારા પ્રમાણીત થયેલ નોંધ છે અને ત્યારબાદ તેઓના ગુજરી ગયા બાદ તેમના વારસો પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના કાયદેસરના માલીક અને કબજેદાર થયેલા છે. જેથી આ હકીકતો જોતાં વાદીની દાવા / મનાઈ અરજી ચાલી કે ટકી શકતી નથી.

૩.૨ વધુમાં મોજે દહેગામની સીમમાં આવેલ સર્વે/બ્લોક નં.૧૩૩૦ જેનો જુનો નં.૨૦૭ વાળી ખેતીની જમીન જે રામાભાઈ ઈશ્વરભાઈનાએ રજી. વેચાણ દસ્તાવેજથી તા.૦૧/૦૮/૧૯૭૨ ના રોજ તેમની સ્વતંત્ર આવકમાંથી ખરીદ કરેલ. જેની ફેરફાર નોંધ નં.૩૪૩૭ થી રેવન્યું રેકર્ડ ઉપર નોંધ કરવામાં આવેલ છે. જે નોંધ રેવન્યું અધિકારી ધ્વારા પ્રમાણીત થયેલી નોંધ છે. તેમજ સર્વે /બ્લોક નં.૧૩૪૧ જેનો જુનો નં.૨૧૮ વાળી ખેતીની જમીન જે રામાભાઈ ઈશ્વરભાઈનાએ તા.૦૪/૦૯/૧૯૭૪ ના રોજ તેમની સ્વતંત્ર

આવકમાંથી ખરીદ કરેલી. જેની ફેરફાર નોંધ નં.૩૫૫૪ થી રેવન્યું રેકર્ડ ઉપર નોંધ કરવામાં આવેલ. જે નોંધ રેવન્યું અધિકારી ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલી નોંધ છે. આ બંને ખેતીની જમીનો મૈયત રામાભાઈ ઈશ્વરભાઈનાએ તેમની સ્વતંત્ર આવકમાંથી વસાવેલી મીલકત હોવાથી તેનો નિકાલ કરવાના પુરતા હકક અને અધિકાર હતા અને જેથી તા.૦૭/૦૯/૧૯૮૪ ના રોજ રેવન્યું રેકર્ડ ફેરફાર નોંધ નં.૫૩૩૯ થી વહેંચણીની નોંધથી સર્વે/બ્લોક નં.૨૦૭,૨૧૮,૧૫૪ વાળી ખેતીની જમીનો મૈયત પ્રદિપકુમાર રામાભાઈને તેમના ભાગમાં આપવામાં આવેલી અને ત્યારથી આ જમીનોના તેઓ સ્વતંત્ર રીતે માલીક કબજેદાર થયેલા અને જે નોંધ રેવન્યું સક્ષમ ઓથોરીટીથી મંજૂર થયેલી નોંધ છે અને તેઓએ તેમની હયાતી દરમ્યાન તેમના વારસોના નામ રેવન્યું રેકર્ડ ઉપર તા.૦૨/૦૧/૨૦૧૮ ના રોજની ફેરફાર નોંધ નં.૧૪૧૧૫ થી વારસોને માલીક અને કબજેદાર બનાવેલ છે. જે નોંધ રેવન્યું સક્ષમ અધિ્કારી ધ્વારા પ્રમાણીત થયેલી નોંધ છે અને ત્યારબાદ તેઓના ગુજરી ગયા બાદ તેમના વારસો પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના કાયદેસરના માલીક અને કબજેદાર થયેલ છે. જેથી આ હકીકતો જોતાં વાદીની દાવા/મનાઈ અરજી ચાલી કે ટકી શકતી નથી. મોજે દહેગામની સીમમાં આવેલ સર્વે/બ્લોક નં.૧૨૯૧ જેનો જુનો નં.૧૬૮ હે.આરે.ચો.મીન. ૦–૭૬–૮૯ વાળી ખેતીની જમીન મૈયત પ્રદિપકુમાર રામાભાઈનાએ તા.૧૦/૧૨/૧૯૮૪ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજથી તેમની સ્વતંત્ર આવકમાંથી ખરીદ કરેલી છે. જેની રેવન્યું રેકર્ડ ઉપર ફેરફાર નોંધ નં.૫૪૨૬ થી વેચાણની નોંધ થયેલ છે. જે નોંધ સક્ષમ અધિકારી ધ્વારા પ્રમાણીત થયેલી નોંધ છે. તેમજ સર્વે/બ્લોક નં.૧૩૩૧ જેનો જુનો નં.૨૦૮

હે.આરે.ચો.મી. ૦–૮૬–૦૦ વાળી ખેતીની જમીન મૈયત પ્રદિપકુમાર રામાભાઈનાએ તા.૧૭/૦૫/૧૯૮૪ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજથી તેમની સ્વતંત્ર આવકમાંથી ખરીદ કરેલી છે. જેની રેવન્યું રેકર્ડ ઉપર ફેરફાર નોંધ નં.૫૩૧૮ થી વેચાણની નોંધ થયેલ છે. જે નોંધ સક્ષમ અધિકારી ધ્વારા પ્રમાણીત થયેલ નોંધ છે. આમ આ બંને ખેતીની જમીનો તેમની સ્વતંત્ર આવકમાંથી વસાવેલી મીલકત હોવાથી આ કામના વાદીનો કોઈ લાગ ભાગ કે હકક હીસ્સો પહોંચતો નથી અને તે રીતે વાદીની દાવા/મનાઈ અરજી ચાલી કે ટકી શકતી નથી.

૩.૩ વધુમાં પ્રતિવાદી નં.૧ જણાવે છે કે, આ કામના વાદીએ તેમની દાવા/મનાઈ અરજીના પેરા–૪ માં જણાવે છે કે, પ્રતિવાદી નં.૨ અને ૩ નાનો પણ ખેતીની જમીનોમાં પણ ૧/૪ નો હકક હીસ્સો પોષાય છે તે હકીકત તદ્દન ખોટી અને વાહીયાત છે. પરંતુ વાદીએ તેમ જણાવી તેમના દાવાને સમર્થન મળે તે માટે પ્રતિવાદી નં.૨ અને ૩ નાને તેમના મેળાપીણામાં લઈ આ દાવો લઈ આવેલ છે અને આ હકીકત રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. કારણ કે, પ્રતિવાદી નં.૨ તથા ૩ નાએ વહેંચણીની તા.૦૭/૦૮/૧૯૮૪ ના રોજની ફેરફાર નોંધ નં.૫૩૩૯ વિરુધ્ધ રેવન્યું ઓથોરીટી સમક્ષ આર.ટી.એસ./એસ.આર./અપીલ ન.૪૩૬/૨૦૧૯ થી અપીલ કરેલી અને જે અપીલ પણ નામંજૂર કરવામાં આવેલ છે. આ હકીકત બતાવી આપે છે કે પ્રતિવાદી નં.૨ તથા ૩ નાઓ વાદીના મેળાપીપણામાં આ દાવાના કામે લઈ આવેલા છે. વાદી તેમની દાવા/મનાઈ અરજીમાં એવી હકીકત લઈ આવેલા છે કે, શકુન્તલાબેનને દત્તક પુત્રી આપવામાં આવેલ છે અને જેથી વાદીના બહેન રહેતા નથી. પરંતુ રેવન્યું ઓથોરીટી સમક્ષ

અપીલના કામે તેઓ વિવાદી તરફે અપીલ લઈ આવેલા છે. ત્યારે આ દાવાના કામે પક્ષકારોની મહત્વની ખામીનો બાધ નડતો હોવાથી તેમની ગેરહાજરીમાં વાદીની દાવા/મનાઈ અરજી ચાલી કે ટકી શકતી નથી. દાવાના કામે વાદી સત્ય હકીકતો છુપાવી હાલની દાવા/મનાઈ અરજી લઈ આવેલ છે. કારણ કે દાવાવાળી ખેતીની જમીનો સિવાય પણ બીજી જે ખેતીની જમીનો રામાભાઈ ઈશ્વરભાઈની આવેલ હતી તે ખેતીની જમીનો હાલના વાદીના ભાગે ગયેલ છે અને તેઓ પોતે તે જમીનોના માલીક અને કબજેદાર થયેલ છે. રેવન્યું રેકર્ડ એ જાહેર રેકર્ડ છે અને વાદી પોતે પણ ખેડૂત ખાતેદાર છે અને રેવન્યું રેકર્ડ ઉપરની તમામ હકીકતોથી વાદી પોતે વાકેફ છે. ત્યારે વાદીએ રેવન્યું રેકર્ડ ઉપર મૈયત રામાભાઈ ઈશ્વરભાઈની હયાતીમાં જે કંઈ ફેરફાર થયેલા છે અને તે ફેરફારોથી મૈયત પ્રદિપકુમાર રામાભાઈ માલીક અને કબજેદાર થયેલા છે. તે સમયે વાદીએ કોઈ વાંધો કે તકરાર ઉઠાવેલ નથી. પરંતુ હાલમાં જમીનોની બજાર કીંમતો વધતા અને પ્રતિવાદી નં.૧ નાએ પુષ્કળ પ્રમાણમાં ખર્ચ કરી દાવાવાળી ખેતીની જમીનોને ફળદ્રુપ બજાવેલ છે. ત્યારે આ કામના વાદીની દાનત બગડેલ છે અને પ્રતિવાદીની પાસેથી ખોટી રીતે તોડ કરવાના આશયથી હાલની દાવા/મનાઈ અરજી લઈ આવેલ છે. દાવાવાળી ખેતીની જમીનોના પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ સ્વતંત્ર રીતે માલીક અને કબજેદાર છે અને જાતે જમીનો વાવેતર કરે છે અને જુદી જુદી સીઝનમાં જુદા જુદા પાકોનું વાવેતર કરે છે અને પાક ઉપજ પકવે છે. આ દાવાના કામે કોર્ટ કમીશ્નરથી થયેલ પંચનામાના સમયે પણ પંચનામામાં બતાવેલ વિગતે પ્રતિવાદી સ્થળ ઉપરના કબજેદાર ભોગવટેદાર છે તેવું ફલીત થાય છે તેમજ સદર ખેતીની જમીનમાં તેઓએ આશરે ૫ વિઘા જમીનમાં જારનું વાવેતર કરેલ

છે અને બાકીની જમીનમાં ઉનાળું વાવેતર લઈ હાલ ચોમાસુ મગફળીનું વાવેતર કરવાની તૈયારી કરી રહેલા છે તેમજ આ જમીનની રેવન્યું વેરો વિઘોટી પ્રતિવાદી ભરે છે અને તે બાબતે પણ વાદીની આજદીન સુધી કોઈ તકરાર નથી. ત્યારે આ તમામ હકીકતો જોતાં દાવાવાળી જમીનો ઉપર વાદીનો કોઈ કબજો ભોગવટો નથી તેમજ વાદીની કોઈ હકક હીસ્સો પહોંચતો નથી. આમ દાવા અરજીના કામે વાદીનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી. વાદીને કોઈ ઈ–પેરીરેબલ લોસ નથી. ત્યારે વાદીની મનાઈ અરજી ખર્ચ સાથે ના–મંજૂર કરવા અરજ કરેલ છે.

૩.૪ પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.ર અને ૩ તરફે આંક–૩૬ થી અને પ્રતિવાદી નં.ર–૩–૪ તરફે આંક–૪૮ થી વાદીની દાવા તથા મનાઈ અરજીનો લેખીત જવાબ તથા કાઉન્ટર કલેઈમ રજૂ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવા તથા મનાઈ અરજીમાં જણાવેલ તમામ હકીકતો સર્વાંશે સાચી કે ખરી નથી. દાવા તથા મનાઈ અરજીમાં સાચી હકીકતો છુપાવી, ખોટા દસ્તાવેજી પુરાવા ઉપર આઘાર રાખી તેમજ ખોટા અને ફોર્જ દસ્તાવેજી પુરાવા પર આઘાર રાખી ખોટી હકીકતોવાળો દાવો કરેલ હોઈ તેમને કબૂલ નથી. વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે. સદર કામે બારોટ શકુંતલાબેનનાઓ પણ સ્વ. રામાભાઈનાઓના દીકરી છે અને તેઓ પણ કાયદેસર સીધી લીટીના વારસદાર હોઈ તેઓનું પણ દાવાવાળી મીલકતમાં પ્રતિવાદી નં.ર–૩ નાઓની સાથે જ પોષાય છે. તેથી તેઓ પણ જરુરી પક્ષકાર હોવા છતાં તેમને જોડવામાં આવેલ ન હોઈ પક્ષકારની ખામીનો બાધ છે. પુત્રી શકુન્તલાબેન દત્તક ગયેલ હોવાની હકીકત ખરી કે કાયદેસરની નથી. વાદીએ તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો

રજૂ કરેલ નથી. શકુંતલાબેન ગુજરનાર રામાભાઈ ઈશ્વરભાઈના કાયદેસરના વારસદાર હતા અને છે તેમજ દાવાવાળી તમામ મીલકતોમાં પ્ર.વાદી નં.ર –૩ અને શકુંતલાબેનનો ૩/૫ કાયદેસરનો હકક હીત, માલીકી કબજો પોષાચો આવેલ છે.

૩.૫ વધુમાં જણાવેલ છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા દહેગામના ગામ મોજે દહેગામની સીમમાં રીસર્વે અનુસાર જુના સ.નં.૧૬૮ જેનો નવો સ.નં.૧૨૯૧ ની કુલ ક્ષેત્રફળ ૭૬૮૯ ચો.મી. ખેતીલાયક જમીન પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના પુર્વજ સ્વ. પ્રદિપભાઈ રામભાઈ ધ્વારા સને ૧૯૮૪–૮૫ માં રજી. વેચાણ દસ્તાવેજ નં.૨૦૩૭/૧૯૮૪ તા.૧૦/૧૨/૮૪ ના રોજ ખરીદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જે વેચાણ દસ્તાવેજ વંચાણે લેતાં સને ૧૯૮૪ માં સ્વ. પ્રદિપભાઈની ઉંમર ૨૫ વર્ષ દર્શાવેલ છે. જે સદરહું દસ્તાવેજમાં કરેલ વ્યવહાર ખોટી રીતે કરેલ હોવાનું પ્રાથમીક રીતે સ્પષ્ટ થાય છે. એ જ રીતે સાથે સાથે જુના સ.નં.૨૦૮ જેનો નવો સ.નં.૧૩૩૧ દર્શાવેલ છે. જેનું ક્ષેત્રફળ ૦–૮૬–૦૦ હે.આરે.ચો.મી. છે. જેની વેચાણ નોંધ નં.૫૬૧૮ પડેલ છે. જે રજી. વેચાણ દસ્તાવેજ અ.નં.૬૯૪/૧૯૮૪, તા.૧૭/૦૫/૮૪ દર્શાવેલ છે. સદર વેચાણ દસ્તાવેજ એક જ વર્ષમાં એટલે કે બંને દસ્તાવેજો સને ૧૯૮૪ માં થયેલ હોવા છતાં પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના પુર્વજ પ્રદિપભાઈ રામભાઈની ઉંમર તેમાં ૨૨ વર્ષ દર્શાવીને દસ્તાવેજ કરવામાં આવેલ છે. જે મહત્વની શંકા ઉપજાવે છે. જુના સર્વે નં.૧૫૪ પૈકી ૨ કે જેનો નવો સ.નં.૧૨૭૬ છે જેનું ક્ષેત્રફળ ૮૯૦૩ ચો.મી. છે. તે ઈશ્વરભાઈ નરસિંહભાઈના નામે ચાલી આવે છે. જે પ્રતિવાદીઓની વડીલોપાર્જીત

મીલકત છે તે રેવન્યું રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે. સાથે સાથે જુના સ.નં.૨૦૭ , જેનો નવો સ.નં.૧૩૩૦ ક્ષેત્રફળ ૭૬૮૯ ચો.મી. તથા જુના સ.નં.૨૧૮ જેનો નવો સ.નં.૧૩૪૧ જેનું ક્ષેત્રફળ ૯૫૧૦ ચો.મી. છે તે બંને સર્વે નંબરો પ્રતિવાદીઓના પિતા રામાભાઈ ઈશ્વરભાઈ ધ્વારા ખરીદ કરવામાં આવેલ છે અને તે ખરીદી અંગેની રેવન્યું નોંધ નં.૩૪૩૭ તથા ૩૫૫૪ પડેલ છે. જે સ્પષ્ટ કરે છે કે સદર પાંચય સર્વે નંબરોવાળી જમીનો પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ ના પુર્વજ સ્વ. પ્રદિપભાઈ રામભાઈ ધ્વારા ખોટી માહીતી અને પુરાવા રજૂ કરી રેવન્યું રેકર્ડમાં ખોટા પુરાવા ઉભા કરી તેઓના એકલાના નામે ચડાવી દીધેલ છે. જે કાયદેસર ચાલી કે ટકી શકે તેમ નથી. તેમાં પણ પ્રતિવાદીઓનો કાયદેસર રીતે વારસાઈ હકકે ૩/૫ હકક, હીત હીસ્સો અને માલીકી હકક પોષાય છે. વાદીએ દાવામાં દર્શાવેલી દાવાવાળી મીલકત ઉપરાંત તેમના સ્વ. પિતાશ્રી રામભાઈ ઈશ્વરભાઈની સ્વ.કમાણીમાંથી વસાવેલી મીલકતો કે જે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગરના સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા દહેગામના ગામ ખાતે આવેલ છે. જે જમીનોની વાદીને સંપૂર્ણ જાત માહીતી હોવા છતાં તેઓએ મહત્વની હકીકતો છુપાવેલ છે. આ રીતે વાદીનો દાવો સપ્રેશન ઓફ મટરીયલ ફેકટસના આધારે પ્રાથમીક રીતે જ ટકી શકે તેમ નથી.  તેમ જણાવી વાદીના દાવાની તમામ હકીકતો તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી હોઈ સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.

૩.૬ આ પ્રમાણે જણાવી પ્રતિવાદી નં. ૨–૩ નાઓએ કાઉન્ટર કલેઈમ કરી જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૨–૩ નાઓની નામ.કોર્ટને નમૂતાપુર્વક અરજ કે વાદીની દાવા તથા મનાઈ અરજીના પ્લીડીંગ વંચાણે લેવામાં આવે તો એ નીર્વીવાદ હકીકત છે કે, સદરહું દાવાવાળી મીલકતો એ વડીલોપાર્જીત

મીલકત છે તેમજ વાદી તથા પ્રતિવાદીઓનો તેમાં કાયદેસરનો વારસાઈ હકક, હીત હીસ્સો અને માલીકી કબજો ભોગવટો પોષાતો આવેલ છે. સ્વ. રામાભાઈ ઈશ્વરભાઈની પુત્રી શકુન્તલાબેનને દત્તક ગયાની હકીકત પેરા–ર માં પેઢીનામામાં દર્શાવેલ છે અને તેથી તેઓ વાદીના બહેન કાયદેસર રીતે રહેતા ન હોવાની હીકકત જણાવેલ છે તે હકીકત સાચી કે ખરી નથી. તે રામભાઈનો વારસાઈ હકક, હીત હીસ્સો ડૂબાડવાના એક માત્ર હેતુથી દર્શાવેલ છે. વાદી દ્વારા એવો કોઈ દસ્તાવેજી પુરાવો કે આધાર રજૂ કરેલ નથી કે જેનાથી એ પુરવાર થઈ શકે કે શકુંતલાબેન દત્તક ગયેલ છે અને દાવાવાળી મીલકત પરત્વે તેમનો કોઈ હકક પોષાતો નથી. આમ સમગ્ર રીતે સદર દાવામાં શકુતંલાબેન રામભાઈ એ કાયદેસર વારસદાર હોઈ અને દાવાવાળી મીલકતોમાં પ્રતિવાદી નં.ર–૩ તથા શકુંતલાબેન રામભાઈ તથા વાદી તેમજ પ્રતિવાદી નં.૧ નાઓનો દાવાવાળી મીલકતોમાં ૩/પ સંયુકત વરાડે પડતો વારસાઈ હકક, હીત હીસ્સો પોષાય છે અને તે મેળવવા ***હાલનો કાઉન્ટર કલેઈમ કરેલ છે અને કાઉન્ટર કલેઈમ કરી દાદ માંગેલ છે કે,......***

(અ) મોજે દહેગામ જી.ગાંધીનગરની સીમની ખેતીની જમીનો જેનો જુના સ.નં.ર૦૭ કે જેનો નવો સ.નં.૧૩૩૦ ક્ષેત્રફઈ ૧.૩ર આકાર સ.નં.રૂા.૪.૧ર તથા જુના સ.નં.ર૧૮ કે જેનો નવો સ.નં.૧૩૪૧, ક્ષેત્રફળ ર.૧૪ આકાર રૂા.૪.પ૦ તથા સ.નં.૧પ૪ કે જેનો નવો .સ.નં.૧ર૭૬ ક્ષેત્રફળ ર.૧ર આકાર રૂા.૪.૦૯ વાળી જમીનો તથા જુના સ.નં.૧૬૮ કે જેનો નવો સ.નં.૧ર૯૧ વાળી જમીન હે.આરે.ચો.મી. ૦–૭૬–૮૯ તથા ર૦૮ કે જેનો નવો સ.નં.૧૩૩૧ હે.આરે.ચો.મી. ૦–૮૬–૦૦ વાળી જમીનમાં પ્રતિવાદી નં.ર –૩ તથા શકુંતલાબેન રામજીભાઈનાઓનો વરાડે પડતો ૩/પ હીસ્સો

કાયદેસર રીતે પોષાય છે તેવું ઠરાવી આપો તેમજ દાવાવાળી મીલકતોનો કકડા વાર વહેંચણી કરી ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો અપાવવા હુકમ તથા હુકમનામું કરી આપવા મે.કરશોજી.

મોજે દહેગામ જી.ગાંધીનગરની સીમની ખેતીની જમીનો જેનો (૧) સ.નં.૧૨૮૯ ( જુના સ.નં.૧૬૬) ની હે.આરે.ચો.મી. ૦–૯૫–૧૦ યાને કે ૯૫૧૦ ચો.મી.ની આકાર રૂા.૬.૧૨ પૈસાવાળી જમીન પૈકી વગર વહેંચાયેલી વરાડે પડતી આશરે ૫૭૦૬ ચો.મી. જમીન (૨) સ.નં.૧૨૯૦ ( જુનો સ.નં.૧૬૭) ની હે.આરે.ચો.મી. ૦અ૫૯–૬૯ વરાડે પડતી આશરે ૩૫૮૧ ચો.મી. જમીન (૩) સ.નં.૧૩૦૨( જુના સ.નં.૧૭૬) ની હે.આરે. ચો.મી. ૦–૪૮–૫૬ યાને કે ૪૮૫૬ ચો.મી. ની આકાર રૂા.૩–૩૭ પૈ. જમીન પૈકી વગર વહેંચાયેલ વરાડે પડતી આશરે ૨૯૧૪ ચો.મી. જમીન (૪) સ.નં.૧૩૦૩ ( જુના સ.નં.૧૬૬) ની હે.આરે.ચો.મી. ૦–૦૬–૦૭ યાને કે ૬૦૭ ચો.મી.ની આકાર રૂા.૦–૪૪ પૈ.વાળી જમીન પૈકી વગર વહેંચાયેલી વરાડે પડતી આશરે ૩૬૪ ચો.મી. જમીન મળી કુલ્લે ૨૦૯૪૨ ચો.મી. ની ખાતા નં.૧૮૨ ધરાવતી જુની શરતની ખેતીની જમીન વગર વહેંચાયેલી વરાડે પડતા હીસ્સાની આશરે કુલ્લે ૧૨૫૬૫ ચો.મી. જમીન જેમાં પ્રતિવાદી નં.૨–૩ તથા શકુંતલાબેન રામજીભાઈનાઓનો વરાડે પડતો ૩/૫ હીસ્સો કાયદેસર રીતે પોષાય છે તેવું ઠરાવી આપો તેમજ દાવાવાળી મીકલતનો કકડાવાર વહેંચણી કરી ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો અપાવવા હુકમ તથા હુકમનામું કરી આપવા મે.કરશોજી.

મોજે દહેગામ જી.ગાંધીનગરની સીમની ખેતીની જમીનો જેનો (૧) સ.નં.૧૨૭૯ ( જુના સ.નં.૧૫૫ પૈકી ૧૫૬–૧૫૭ ) ની હે.આરે.ચો.મી.

૧–૬૪–૧૬ યાને કે ૧૬૪૧૪ ચો.મી.ની આકાર રૂા.૮.૨૫ પૈ.વાળી જમીન પૈકી વગર વહેંચાયેલી વરાડે પડતી આશરે ૯૮૫૦ ચો.મી. જમીન (૨) સ.નં.૧૨૮૧ ( જુના સ.નં.૧૫૯) ની હે.આરે.ચો.મી. ૦–૭૬–૮૯ ચો.મી. યાને ૭૬૮૯ ચો.મી. આકાર રૂા.૪–૧૨ પૈ.વાળી જમીન પૈકી વગર વહેંચાયેલી વરાડે પડતી આશરે ૪૬૧૩ ચો.મી. જમીન (૩) સ.નં.૧૩૪૦ ( જુના સ.નં.૨૧૬–૨૧૭–૨૧૯/૧ પૈકી) ની હે.આરે.ચો.મી. ૧–૯૦–૨૭ યાને કે ૧૯૦૨૭ ચો.મી.ની આકાર રૂા.૮–૯૪ પૈ.જમીન પૈકી વગર વહેંચાયેલ વરાડે પડતી આશરે ૨૯૧૪ ચો.મી જમીન (૪) સ.નં.૧૩૪૨ ( જુના સ.નં.૨૧૯/૨ ) ની હે.આરે.ચો.મી. ૦–૯૭–૧૩ યાને કે ૯૭૧૩ ચો.મી. ની આકાર રૂા.૪–૫૬ પૈ.વાળી જમીન પૈકી વગર વહેંચાયેલી વરાડે પડતી આશરે ૫૮૨૮ ચો.મી. જમીન મળી કુલ્લે ૫૨૮૪૫ ચો.મી.ની ખાતા નં.૮૫૮ ધરાવતી જુની શરતની ખેતીની જમીન વગર વહેંચાયેલી વરાડે પડતા હીસ્સાની આશરે કુલે ૩૧૬૦૭ ચો.મી. જમીન જેમાં પ્રતિવાદી નં.૨–૩ તથા શકુંતલાબેન રામજીભાઈનાઓનો વરાડે પડતો ૩/૫ હીસ્સો કાયદેસર રીતે પોષાય છે તેવું ઠરાવી આપો તેમજ દાવાવાળી મીલકતનો કકડાવાર વહેંચણી કરી ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો અપાવવા હુકમ તથા હુકમનામું કરી આપવા અરજ કરેલ છે.

તેમજ વધુમાં ઉપરોકત તમામ દાવાવાળી મીલકત કે જેમાં પ્રતિવાદી નં.૨–૩ તથા શકુતંલાબેનનાઓની વરાડે પડતી માલીકી કબજા ભોગવટાની ચાલી આવે છે તે દાવાવાળી જમીન પરત્વે આ કામના વાદીઓનો એકલાનો કે તેમના મળતીયાઓનો કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ,ભાગ,હકક, હીત હીસ્સો, માલીકી કબજો પોષાતો ન હોઈ વાદીઓ કે

તેમના માણસો, નોકરો, એજન્ટો મળતીયાઓ અન્ય કોઈ ત્રાહીતની તરફેણમાં વેચાણ,ગીરો,બક્ષીસ યા લેખો કરે-કરાવે નહીં તેમજ પ્રતિવાદીઓના વારસાઈ હકકોને નુકશાન થાય તે પ્રકારનું કોઈ કૃત્ય કરે કરાવે નહીં તેમજ સદરહું દાવાવાળી મીલકત પરત્વે કોઈને કોઈ પણ પ્રકારે સદરહું મીલકત ટ્રાન્સફર એસાઈન કરે કરાવે નહીં તેમજ વેચાણ કરે કરાવે નહીં કે અન્ય કોઈને કોઈ પણ પ્રકારે આપે અપાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ પ્રતિવાદીઓની તરફેણમાં તેમજ વાદીઓની વિરુધ્ધમાં ફરમાવશોજી.

૪. પ્રતિવાદીઓએ રજૂ રાખેલ જવાબ સામે વાદીઓએ આંક-૨૯ થી કાઉન્ટર એફીડેવીટ રજૂ રાખેલ છે.

૫. વાદીની સદરહું આંક-૫ ની અરજીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની સંભાવના છે ?

૪. શું હુકમ

ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે.

૧. અંશતઃ : હકારમા

૨. અંશતઃ : હકારમા

૩. અંશતઃ : હકારમા

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના જવાબ માટેના આ કોર્ટના કારણો નીચે મુજબ છે.

***<u>મુદ્દા નંબર ૧ થી ૩ ની ચર્ચા :-</u>***

*૬.* પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે.

વાદી દવારા તેઓના દાવાના સમર્થન મા નિ-૩/૨ થી બ્લોક/સર્વે નં-૧૨૭૬, જુનો બ્લોક નં-૧૫૪ પૈકી ૧ નો રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે જેમા હાલના પ્રતિવાદી નં-૧ ના વારસોનો નામ જણાઈ આવે છે.નિ-૩/૪ થી નવો સર્વે નં-૧૨૯૧ તથા જુનો સર્વે-૧૬૮, નો રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે જેમા હાલના પ્રતિવાદી નં-૧ ના વારસોનો નામ જણાઈ આવે છે.નિ-૩/૬ થી નવો સર્વે/બ્લોક નં-૧૩૩૦ તથા જુનો નંબર-૨૦૭ નો રેવન્યુ રેકર્ડ રજુ થયેલ છે જેમા પ્રતિવાદી નં-૧ ના વારસોનો નામ જણાઈ આવે છે.નિ-૩/૮ થી નવો સર્વે/બ્લોક નં-૧૩૩૧ તથા જુનો સર્વે/બ્લોક નં-૨૦૮ નો રેવન્યુ રેકર્ડ રજુ થયેલ છે જેમા હાલના પ્રતિવાદી નં-૧ ના વારસોનો નામ જણાઈ આવે છે.નિ-૩/૧૦ થી નવો સર્વે/બ્લોક નં-૧૩૪૧ તથા જુનો સર્વે/બ્લોક નં-૨૧૮ નો રેવન્યુ રેકર્ડ રજુ થયેલ છે તેમા હાલના પ્રતિવાદી નં-૧ ના વારસોના નામ જણાઈ આવે છે.નિ-૩/૧૪ થી નોંધ ૩૪૩૭ રજુ થયેલ છે જેમા સર્વે નં-૨૦૭ ની જમીન લલીતાબેન નાઓએ રામાભાઈ ઈશ્રવરભાઈ ને તા ૨૪/૧/૧૯૭૪ ના રોજ વેચાણ આપેલ છે તે જણાઈ આવે છે.આમ વાદીઓના જણાવ્યા મુજબ,સર્વે નં.૨૦૭, ૨૧૮,૧૫૪ વાળી જમીનો વડીલોપાર્જીત હતી અને સર્વે નં.૧૬૮ તથા ૨૦૮ વાળી જમીન સંયુકત કુટુંબની આવકમાંથી તેમના મોટા ભાઈ

પ્રદિપભાઈ રામાભાઈના નામે ખરીદવામાં આવેલ હતી. આમ ઉપરની મીલકતો તેમની વડીલોપાર્જીત સંયુકત માલીકીની વણ વહેંચાયેલી આવેલી છે. જે જમીનોમાં વાદીઓ અને પ્રતિવાદીઓના સંયુકત રીતે ખેતી કરે છે. તેમની વડીલોપાર્જીત મીલકતના ઉતારા લેવા જતા તેમના ઘ્યાનમાં આવેલ કે તેમની વડીલોપાર્જીત મીલકતની એક ખોટી અને ગેરકાયદેસરની વહેંચણી પ્રતિવાદી નં.૧ નાએ તેઓના એકલાના નામે કરી દીધેલ છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો પ્રમાણે વહેંચણી હંમેશા બે કરતા વધુ વ્યકિતઓની વચ્ચે થાય તેમજ આવો વહેંચણીનો લેખ સક્ષમ અધિકારી રુબરુ થયેલ હોવો જોઈએ તેમજ આવા વહેંચણી લેખમાં બધા જ સહ હીસ્સેદારોની સહી અને સંમતીઓ હોવી જોઈએ અને વહેંચણી સમાન ભાગ મુજબ થવી જોઈએ. આ કામે તપાસ કરતા કોઈ વહેંચણીનો લેખ થયેલ નથી કે સહ માલીકોની કોઈ સંમતીઓ કે સહીઓ પણ થયેલ નથી. આમ ખોટી રીતે રેવન્યું રેકર્ડ બનાવી પ્રતિવાદી નં.૧ નાએ તેમની સંયુકત માલીકીની વડીલોપાર્જીત વણવહેંચાયેલી સંયુકત આવકમાંથી ખરીદેલી જમીનો તેઓના એકલાના નામે રેવન્યું રેકર્ડે દાખલ કરાવી દીધેલ છે. સદર જમીનમાં વાદીનો ૧/૪ હીસ્સો છે અને પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ અને પ્રતિવાદી નં.૨ અને ૩ દરેકનો ૧/૪ હીસ્સો આવેલ છે.આમ વાદી દવારા રજુ થયેલ વિગતો ને ઘ્યાને લેતા ઉપરોકત સર્વે વાળી મીલકત વડીલોપાર્જીત મીલકત જણાઈ આવે છે.જેથી હાલની અરજી અન્વયે તમામ વિગતો ઘ્યાને લેતા વાદીઓનો પ્રથમદર્શનિય  કેસ જણાઈ આવે છે. જેથી મુદા નંબર–૧ નો જવાબ અંશતહ હકારમા આપવામા આવે છે.તે સંજોગામો મા માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામા ન આવે અને પ્રતિવાદી ચાલુ દાવે દાવાવાળી મીલકત કોઈ ત્રાહીત

ને ટ્રાન્સફર કરી દે તો વાદીઓના નાણામા ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે.જેથી સગવડતા–અગવડતા ની સમતુલા અને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન વાદીઓને થવાની સંભાવના રહેલ છે.જેથી મુદા નં–૨ અને ૩ નો જવા અંશતઃહકારમા આપવામા આવે છે અને મુદા નંબર–૪ નો પરત્વચે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામા આવે છે.

**–:: હુકમ ::–**

– વાદીની આંક–૦૫ ની અરજી અંશત: મંજુર કરવામા આવે છે.

– આ કામના પ્રતિવાદી ઓને એવો હુકમ કરવામા આવે કે, દાવાવાળી મીલકત જુનો સર્વે/બ્લોક નં–૨૦૭, (નવો સર્વે/બ્લોક નં–૧૩૩૦), જુનો સર્વે/બ્લોક નં–૨૧૮, (નવો સર્વે/બ્લોક નં–૧૩૪૧) , જુનો સર્વે/બ્લોક નં–૧૫૪, (નવો સર્વે/બ્લોક નં–૧૨૭૬) દાવાના આખરી નીકાલ ન આવે ત્યાં સુધી સદર મીલકતોનો પ્રતિવાદીઓએ સ્વતંત્ર રીતે કે તેમના મળતીયા કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારે મીલકત ટ્રાન્સફર,એસાઈન કરે કરાવે નહી તેમજ વેચાણ કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ વાદીઓની તરફેણમા તેમજ પ્રતિવાદીઓની વિરૂધ્ધ દાવાના આખરી નીકાલ સુધી ફરમાવવામા આવે છે.

– અરજીનો ખર્ચે દાવાના આખરી પરીણામને અનુસરશે.

– આજ રોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો

**આજરોજ તા ૦૬ મી માહે,જુલાઈ સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી,સંભળાવી જાહેર કર્યો**

**તા ૦૬/૦૭/૨૦૨૪**
**દહેગામ**

**(એ.એમ.સોની)**
**એડી સીવીલ જજ**
**દહેગામ**